પ્રાંતિજ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર ગજેન્દ્ર સિંહ પરમારને પ્રચારમાં વ્યાપક આવકાર

તલોદ તા. ૨૧

આગામી પાંચ ડિસેમ્બર ના રોજ યોજાનારી બીજા તબક્કામાં યોજાનાર વિધાનસભા ની ચુંટણી અંતર્ગત પ્રાંતિજ બેઠક પર ચૂંટણી પ્રચાર કાર્ય માં ગરમી આવી છે ગામેગામ પ્રાંતિજ બેઠક ના ભાજપના ઉમેદવાર ગજેન્દ્ર સિંહ પરમાર ને વ્યાપક જન સમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે. આ અંગે માહિતી આપતાં તલોદ કાર્યલયમંત્રી અને કોર્પોરેટર નાથુસિંહ રાઠોડે માહિતી આપતા જણાવ્યું હતું કે આપણા ઉમેદવાર ગજેન્દ્ર સિંહ પરમાર દ્વારા તલોદ અને પ્રાંતિજ તાલુકાના મતવિસ્તારના ગ્રામ્ય વિસ્તાર ના એંશી જેટલા ગામોમાં ગ્રુપ મીટીંગ કરી કરેલ છે. ગામેગામ પ્રચંડ જનસમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે ઉમેદવાર દ્વારા વિકાસ કાર્યો ની ચર્ચા કરી આગામી દિવસોમાં બાકી ના નવા વિકાસ કાર્યો ના કામોની યાદી માગી પુર્ણ કરવાની ખાત્રી આપી તેઓના કોઈ કામગીરી બાકી રહી ગઈ હોય અથવા કોઇ વ્યક્તિગત કામને ન્યાય ન આપી શકાયો હોય તો દિલગીરી વ્યક્ત કરી તેઓના તરફેણ માં મતદાન કરવાઅને કરાવવા માટે અપીલ કરી હતી ગજેન્દ્ર સિંહ ના મત વિસ્તારની વિકાયાત્રામાં જોડાવવા માટે તેઓની તરફેણ માં મતદાન કરવાની અપીલ ને પ્રચંડ જન સમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે અને તેઓની તરફેણ માં સો ટકા મતદાન કરવાની પ્રજાજનો દ્વારા ખાત્રી આપવામાં આવી રહી છે. આજે તલોદ તાલુકાના ગંભીર પૂરા ગામે થી પ્રચાર કાર્ય નો પ્રારંભ કર્યો હતો ગંભીર પૂરા મહેલાવ દાદરડા, લવારી વરવાડા, કાબોદરા ફોજીવાડા,મોહનપુર સહિત વીસ જેટલા ગામો માં ઘોડા પર બેસાડી ડીજે ના તાલે ગામમાં વરઘોડો કાઢી સરકાર ના મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર નુ સ્વાગત કરાયું હતુ. તેઓના પ્રવાસમાં પુર્વ ધારાસભ્ય મહેન્દ્ર સિંહ, પુર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, પ્રાંતિજ તાલુકા ભાજપ પ્રમુખ બળવંત ભાઈ પટેલ મહામંત્રી અર્જુનસિંહ મકવાણા તલોદ તાલુકાના ભાજપ પ્રમુખ કલ્પેશ ભાઈ પટેલ, તલોદ માર્કેટ યાર્ડ ના ચેરમેન સંજય પટેલ,મહામંત્રી બી ડી ઝાલા, રાકેશ પટેલ, તલોદ નગર પાલિકા ના પ્રમુખ પ્રકાશ સિહ ઝાલા ઉપપ્રમુખ ઋતુલ પટેલ, જિલ્લા સોશ્યલ મીડિયા સેલ ના સહ સંયોજક જગદીશ પોકાર જિલ્લા પંચાયત ના મહિલા અને બાળવિકાસ ચેરમેન રેખા બા ઝાલા, તલોદ નગરપાલિકા ના પાણી પૂરવઠા ચેરમેન બાબુભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા ઉપપ્રમુખ ઋતુલ પટેલે જણાવ્યું હતું કે ગામેગામ થતાં સ્વાગત અને મતદારો માં ઉતસાહ જોતા ધારાસભ્ય ગજેન્દ્ર સિંહ પરમાર પચાસ હજાર મતોથી વિજયી બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. પ્રાંતિજ મતવિસ્તાર માંઆવતા મોતિસરી ગમ ખાતે ગજેન્દ્રસિંહ પરમાર નો કાફલો પહોંચતા તેઓનું સ્વાગત ટ્રેક્ટર માં બેસાડી સ્વાગત કરવામાં આવ્યું હતું આ સમયે તેઓએ જાતે ટ્રેક્ટર ચલાવી પોતે પણ ખેડૂત પુત્ર છે એવું જણાવ્યું હતું.

ઈડર વિધાનસભા બેઠકના જંગમાં રમણલાલ વોરા તરફી ઉભો થતો વિજયી માહોલ

ગામે ગામ પ્રજાના જબ્બર સમર્થનથી હરીફ ઉમેદવારોમાં સાંપો

બાયડ, તા.૨૧

ઈડર વિધાનસભા બેઠકના ઉમેદવાર રમણલાલ વોરાના સમર્થનમાં વિજયી માહોલ ઉભો થયો છે. પ્રચાર દરમ્યાન પૂર્વ કેબિનેટ મંત્રીને ગામે ગામ પ્રજાનું જબ્બર સમર્થન મળી રહ્યું છે જેના કારણે તેમના હરીફ ઉમેદવારોમાં સોંપો પડી ગયો છે. ઈડર તાલુકાના સર્વાંગી વિકાસ તેમજ લોક ઉપયોગી કાર્યો માટે અગાઉના વર્ષોમાં સતત પ્રયત્નશીલ રહેલા ભાજપના ઉમેદવારને ૨૮-ઈડર વિધાનસભા બેઠકના તમામ મતદારો ઉમળકાભેર આવકાર આપી રહ્યા છે જેથી આ વખતે પણ આ બેઠક ઉપર ભાજપનો વિજય વિશ્વાસ વધ્યો છે.

ગુજરાત વિધાનસભા ચૂંટણીની મતદાન પ્રક્રીયા અને હવે ગણતરીના દિવસ બાકી રહ્યા હોવાથી ચૂંટણીનો જંગ જીતવા માટે રાજકીય પક્ષોએ એડી ટોચનું જોર લગાવી દીધું છે. સાબરકાંઠાની ઈડર વિધાનસભા બેઠક ઉપર ભાજપ દ્વારા આ વખતે સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી રમણલાલ વોરાનું નામ જાહેર કર્યું ત્યારથી જ તેમના સમર્થકો ઉપરાંત મતદારોમાં ગજબનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભાજપના ઉમેદવારના સમર્થનમાં સ્વયંભૂ પ્રજાજનો પણ પ્રચારની કામગીરીમાં લાગી ગયા છે. ઈડર તાલુકાના વિકાસ ઉપરાંત પ્રજાના પ્રાણ પ્રશ્નો માટે અગાઉના વર્ષોમાં જાગૃત રહી માત્ર ને માત્ર વિકાસની રાજનીતિને પ્રાધાન્યતા આપનાર પૂર્વ કેબિનેટ મંત્રી રમણલાલ વોરાના સમર્થનમાં વધારો થવાની સાથે પાછલા ૩ દિવસ દરમ્યાન શરૂ થયેલા પ્રચાર કાર્યમાં મતદારોનું જબ્બર સમર્થન મળી રહ્યું છે. ગત રોજ ૨૮-ઈડર વિધાનસભા બેઠકના સાપાવાડા, નેત્રામલી, દરામલી, આનંદપુરા, ભૂવેલ, ચડાસણા, નાનીવાડોલ, હિંગળાજ, હિંમતપુર, ભેટાલી, કપોડા, ઈસરવાડા, ડુંગરી, ભદ્રેસર સહિતના વિસ્તારોમાં ભાજપના ઉમેદવાર રમણલાલ વોરા પ્રચાર અર્થે પહોંચ્યા ત્યારે પ્રજાજનો દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ વખતે ઈડર વિધાનસભા બેઠક ઉપર જામનારા ચૂંટણી જંગમાં ભાજપ, કોંગ્રેસ અને આમઆદમીના ઉમેદવારોએ ઝંપલાવ્યું છે જેમાં સૌથી વધુ ભાજપના ઉમેદવારને પ્રજાનું સમર્થન મળતું જોવા મળી રહ્યું છે. સરકારમાં અગાઉ મંત્રી રહેલા રમણલાલ વોરાએ એક સાચા જનપ્રતિનિધિ તરીકે કાર્યો કર્યા હોવાના કારણે આ વિસ્તારની પ્રજા તેમના કામોને ભૂલી શકી નથી અને ખુદ ઉમેદવારે પણ પ્રજા સાથે પોતાના સંપર્કો જીવંત રાખ્યા હોવાના કારણે તેમના તરફી ઉભા થયેલા વિજયી માહોલે ચૂંટણી પૂર્વે જીત નિશ્ચિત બનાવી દીધી છે.

શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ એસોસિએશન દ્વારા સ્નેહ મિલન યોજાયું

મોડાસા, તા. ૨૧

શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ એસોસિએશન દ્વારા સ્નેહ મિલન નું આયોજન સર્વોદય હાઈસ્કૂલ ના પટાંગણ માં કરવામાં આવ્યું.

આ સ્નેહ મિલન માં ૩૦૦ થી પણ વધુ સભ્યો કપલમાં ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમ ની શરુઆત પ્રમુખ શ્રી કિરીભાઈ કે શાહ ના સ્વાગત પ્રવચન કરી એસોસિયેશન ની પ્રવૃતિ થી વાકેફ કર્યા હતા. ત્યારબાદ મંડળી ના ચેરમેન શ્રી પંકજભાઈ બી બુટાલાએ મંડળીની પ્રવૃત્તિ અને યોજના ની ખૂબ સુંદર માહિતી આપી શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ આદરણીય વડીલ શ્રી ઈસ્માઈલભાઈ જી દાદુ એ આશિર્વચન આપ્યા હતાં.

આ પ્રસંગે સલાહકાર બોર્ડ ના સભ્ય શ્રી સુરેશભાઈ કે શાહ. મયુરભાઈ બૂટાલાએ પણ શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં સલાહકાર શ્રી નવીનભાઈ વી શાહ, વિનોદભાઈ કે શાહ. રઝાકભાઈ જી મેમન ખાસ ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત એસોસિયેશન ના ઉપપ્રમુખ રમણભાઈ જે પ્રજાપતી, નરેન્દ્રભાઇ એચ શાહ, માનદમંત્રી મુકુન્દ એસ શાહ, સહમંત્રી મનીષ કે ભાવસાર, ખજાનચી જયેશભાઈ ગાંધી ઉપરાંત એસોસિયેશન ના ૩૦૦ થી વધુ સભ્યો કપલ માં હાજર રહયા હતા. કાર્યક્રમ માં શરૂઆત માં વેલકમ ડ્રીંક બાદ અંતે ભોજન નું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સફળ સંચાલન મંત્રી શ્રી મુકુન્દ એસ શાહે કર્યું હતું. કાર્યક્રમ માં આગામી વિધાનસભા ની ચુંટણી માં અચૂક મતદાન કરવા માટે ભાર મૂકવામાં આવ્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અરવલ્લીના આંગણે

મોડાસાના મોદી મેદાનમાં જંગી સભાને સંબોધશે, કોંગ્રેસનો ગઢ ધ્વસ્ત કરવા તડામાર તૈયારીઓ

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જીલ્લાની ત્રણે બેઠકો પર કોંગ્રેસનો દબદબો છે ત્રણે બેઠકો પર ભાજપે ઉમેદવારોની પસંદગી પછી સ્વાભાવિક પણે નારાજગી પ્રવર્તી રહી છે કોંગ્રેસના ઉમેદવારોને મતદારોનો આવકાર મળી રહ્યો છે ત્યારે જીલ્લાની ત્રણે બેઠકો પર પંજાની પકડ ઢીલી કરી કમળ ખીલવવા માટે ભારતીય જનતા પાર્ટીની ચિંતામાં પણ સતત વધારો થઈ રહ્યો છે. ભાજપ જ્યારે મુશ્કેલીમાં હોય ત્યારે સ્વાભાવિક રીતે જ એકમાત્ર નરેન્દ્ર મોદી જ સહારો હોય છે. પરિણામે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૪મીએ મોડાસામાં જંગી સભાને સંબોધન કરવાના હોવાથી પક્ષ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રાજ્યમાં ચૂંટણી પ્રચાર માટે તમામ રાજકીય પક્ષોના અગ્રણી હરોળના નેતાઓએ ગુજરાતમાં ધામા નાખ્યા છે અરવલ્લી જીલ્લાની મોડાસા વિધાનસભામાં સતત બે ચૂંટણીમાં કોંગ્રેસ વિજય બની હતી, ત્યારે ભિલોડા બેઠક કોંગ્રેસનો ગઢ રહ્યો છે બાયડ બેઠક પર ૨૦૧૭માં કોંગ્રેસના ઉમેદવાર વિજય પ્રાપ્ત કર્યો હતો કોંગ્રેસના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ પક્ષ પલટો કરી કેસરીયો ધારણ કર્યા પછી પેટા ચૂંટણીમાં તેમનો કોંગ્રેસના જશુભાઈ પટેલ સામે કારમો પરાજય થતા ભાજપ માટે ભારે નાલોશી સહન કરવી પડી હતી ત્યારે મોડાસા શહેરમાં યોજાનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભા ભાજપ માટે તારણહાર બની શકે છે કોંગ્રેસના ગઢમાં વડાપ્રધાન મતદારોને રિઝવવાના પ્રયાસ કરે તે માટે આયોજન કરવામાં આવ્યું છે.મોડાસા શહેરમાં આગામી ૨૪મીને ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જંગી સભાને સંબોધન કરવા આવતા હોવાથી ભાજપના હોદ્દેદારો અને કાર્યકર્તાઓમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે સ્થળ પર તડામાર તૈયારીઓની સાથે ભીડ એકઠી કરવા આયોજનમાં લાગી ગયા છે.

૧ કીલોગ્રામનો રૂા. ૩૦ થી ૪૦નો ભાવ : જિલ્લાના બજારોમાં મબલખ પ્રમાણમાં આંબળાં ઠલવાયાં

વિટામીનથી ભરપૂર ફળ હોવાથી માંગમાં ઉછાળો

બાયડ, તા.૨૧

જિલ્લાના બજારોમાં છેલ્લા એક પખવાડીયાથી મબલખ પ્રમાણમાં આંબળાં ઠલવાઈ રહ્યાં છે. વિટામીનથી ભરપૂર ફળ હોવાથી અનેક પરિવારો દ્વારા વધુ પ્રમાણમાં આંબળાંની ખરીદી થઈ રહી છે. શહેરી વિસ્તારોમાં ગણતરીના કલાકોમાં જ આંબળાં વેચાઈ જતાં હોવાનું લારીવાળા વેપારીઓ જણાવી રહ્યા છે. અન્ય શાકભાજી કરતાં પણ આબળાં એકંદરે સસ્તાં છે અને ૧ કીલોગ્રામનો રુ૩૦થી ૪૦નો ભાવ બોલાઈ રહ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર પ્રજા કોરોના પછી પોતાના શરીરની સુખાકારી બાબતે વધુ સભાન બની છે. જ્યારે આબળાં આરોગ્ય માટે અમૃત ફળ સમાન હોવાનું વૈદ્યો પણ કહી રહ્યા છે. જિલ્લાના બજારોમાં મુખવાસમાં પણ આંબળાંની સૌથી વધુ ખપત જોવા મળે છે. શિયાળો શરુ થતાં જિલ્લાના હિંમતનગર, ઈડર, પ્રાંતિજ, તલોદ, ખેડબ્રહ્મા, પોશીના, વડાલી, બાયડ, મોડાસા, ભિલોડા, ધનસુરા, મેઘરજ સહિતના બજારોમાં ઠેર ઠેર આંબળાં જોવા મળી રહ્યાં છે. નાનાં અને મોટી સાઈઝના આંબળાં ખરીદવા માટે મહિલાઓ અને વૃદ્ધો આંબળાંની લારી આસપાસ સવાર થી સાંજ જોવા મળતા હોય છે. શિયાળા દરમ્યાન અનેક પરિવારો ઘરના તમામ સભ્યોને આંબળોનો રસ તેમજ બાફેલાં આંબળાં તૈયાર કરીને ખવડાવતા હોય છે જેના કારણે શરીરને તમામ પ્રકારના ભરપૂર વિટામીન્સ મળી રહે. એક સમય એવો હતો કે આંબળાં ખરીદનારા જ લોકો હતા પરંતુ કોરોના પછી શરીરમાં ઈમ્યુનિટી સીસ્ટમનું શું મહત્વ છે તે જાણ્યા પછી તમામ પ્રકારના લોકો આંબળાનું સૌથી વધુ માત્રામાં સેવન કરી રહ્યા છે. અગાઉ પરપ્રાંતમાંથી મોટા પ્રમાણમાં આમળાં રાજ્ય અને જિલ્લામાં ઠલવાતાં હતાં પરંતુ અનેક ખેડૂતોએ આંબળાંની ખેતી કરી મબલખ ઉત્પાદન મેળવ્યું છે અને પ્રજાના આરોગ્યને સાચવવાના પણ પ્રયાસ કર્યા છે.

પાલનપુર ભાજપના ઉમેદવાર અનિકેત ઠાકરે ગ્રામ્ય વિસ્તારોમાં લોકસંપર્ક આદર્યો

મતદારો સાથે બેઠકો યોજી વિકાસને વેગ આપવા ભાજપને વોટ આપવા અપીલ કરી : ગામે ગામ ભાજપના ઉમેદવારની ઢોલ નગારા સાથે અને પુષ્પવર્ષા કરી સ્વાગત કરાયું

પાલનપુર તા.૨૧

બનાસકાંઠા જિલ્લાની પાલનપુર વિધાનસભા મતવિસ્તારમાં ભાજપના ઉમેદવાર અનિકેત ઠાકર જંજાવતી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે જેમાં રવિવારે એક જ દિવસમાં પંદર ગામોમાં લોકસપર્ક કરી વિકાસના નામે વોટ માંગ્યા હતા જોકે ગામે ગામ ભાજપના યુવા ઉમેદવારનું ગ્રામજનો દ્વારા ઢોલ નગારા વગાડી તેમજ પુષ્પવર્ષા કરી ભવ્ય સ્વાગત કરાયું હતું. વિધાનસભા ૨૦૨૨ ની ચૂંટણીમાં છેલ્લા બે ટર્મ થી કોંગ્રેસના ફાળે જતી પાલનપુર બેઠક કબ્જે કરવા ભાજપે બ્રહ્મ સમાજના સ્વચ્છ પ્રતિભા ધરાવતા નવા ચહેરા તરીકે અનિકેત ઠાકોરને ઉમેદવાર બનાવી ચૂંટણી જંગ ઉતાર્યા છે જેને લઈ કાર્યકરોમાં ખુશાલી વ્યાપી જવા પામી છે અને ભાજપના અનિકેત ઠાકરને જીતાડવા કાર્યકરો અને આગેવાનો એક સંપ થઈ કામે લાગી ગયા છે જેમાં રવિવારે અનિકેત ઠાકરે કરજોડા થી લોક સંપર્ક શરૂ કરી અસ્માપુરા (ક), માનપુર , સાંગ્રા, ગોકળપુરા, માલપુરીયા, ઉકરડા, હસનપુર,સદરપુર, અલીગઢ, વાસડા(ક), વાસડા (મુ), ગંગાપુરા, પેડાગડા, જડિયાલી, ભાટવડી અને માલણ ગામે લોક સંપર્ક કરી મતદારો સાથે બેઠકો યોજી ભાજપને વોટ આપવા અપીલ કરી હતી જોકે આ લોક સંપર્કમાં પૂર્વ મંત્રી કાંતિભાઈ કચોરીયા,પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ, તાલુકા ભાજપ પ્રમુખ મોતીભાઈ પાળજા, મહામંત્રી અમરીશપુરી ગોસ્વામી, ભાજપ અગ્રણી ભગુભાઈ કુંગસિયા, ડો.ગિરધરભાઈ પટેલ, સંજય જે ઠાકોર, એલ.એ ગઢવી, વસંત ભટોળ ,જયેશ દવે, સહિત જિલ્લા અને તાલુકા ભાજપના આગેવાનો જોડાયા હતા જોકે ચૂંટણી પ્રચાર દરમિયાન ગામે ગામે ભાજપને વ્યાપક આવકાર સાંપડ્યો હતો.

જિલ્લામાં રાજકીય પક્ષોના ચૂંટણી કાર્યાલય ખૂલ્યા પરંતુ કાર્યકરોની પાંખી હાજરી

સપ્તાહના મધ્યાંતર પછી કાર્યકરોમાં ઉત્સાહની આશા

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૧

જિલ્લામાં ૭ વિધાનસભા બેઠકના મુખ્ય રાજકીય પક્ષોના ઉમેદવારોએ મત વિસ્તારમાં ચૂંટણી કાર્યાલય ખોલ્યા તો ખરા પરંતુ કાર્યકરોની પાંખી હાજરીથી રાજકીય પક્ષો અને ઉમેદવારો ચિંતિત બન્યા છે. સપ્તાહના મધ્યાંતર પછી કાર્યકરોમાં ઉત્સાહ આવે અને કાર્યાલય ધમધમે તેવી ગણતરી મંડાઈ રહી છે. ભાજપ અને કોંગ્રેસમાં પક્ષ પલ્ટુંઓની કોઈ કમી નથી. મોટાભાગના મત વિસ્તારોમાં ભાજપ અને કોંગ્રેસે પક્ષપલ્ટુંઓને મેદાનમાં ઉતારતાં હવે અગાઉની વિધાનસભા ચૂંટણી જેવો ઉત્સાહ દેખાતો નથી. પક્ષ પલ્ટુંઓ પોતાની આર્થિક સમૃદ્ધિ વધારવા માટે ચૂંટણી લડતા હોય છે તેવું જે તે રાજકીય પક્ષના ચકોર કાર્યકરો સમજી ગયા છે. ભાજપ હોય કે કોંગ્રેસ પાયાનો કાર્યકર ગમે તેટલી મહેનત કરે પરંતુ તેમને ધારાસભ્યની ટીકીટ નસીબ નથી તેવું મોટાભાગના કાર્યકરોએ સ્વીકારી લીધું છે. જ્યારે જિલ્લાની ૭ વિધાનસભા બેઠકમાં ભાજપે ૩ અને કોંગ્રેસે ૧ પક્ષપલ્ટુંને મેદાનમાં ઉતાર્યા છે તેનો અણગમો કાર્યકરોની સાથે મતદારોમાં પણ જોવા મળી રહ્યો છે. કેટલીક વિધાનસભા બેઠકોમાં ભાજપ-કોંગ્રેસના ઉમેદવારો જાહેર થયા પછી અનેક સક્રીય કાર્યકરો નિરસ બની ગયા છે જેના કારણે ગામડાઓમાં પ્રચાર માટે પહોંચતા ઉમેદવારો સાથે તેમના સગા કાં તો સંગઠનના માંડ એકાદ-બે હોદેદારો પ્રવાસમાં હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. આ વખતની વિધાનસભા ચૂંટણીમાં પ્રચાર નિરસ રહે તેવી સંભાવના છે પરંતુ ક્યાંક અપક્ષો અને આમઆદમી પાર્ટીના ઉમેદવારોના કારણે સિમિત વિસ્તારોમાં ચૂંટણીનો ગરમાવો જોવા મળી રહ્યો છે.

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજના અણદાપુરામાં રહેણાંક મકાનમાંથી દેશી બનાવટની બંદૂક ઝડપાઈ

પાલનપુર તા.૨૧

બનાસકાંઠા જિલ્લા લોકલ કાઈમ બ્રાંચની ટીમે બાતમીના આધારે કાંકરેજ તાલુકાના અણદાપુરા ગામની સીમમાં ઓચિંતી રેઈડ કરીને પાસ પરમીટ વિનાની રૂ.ત્રણ હજારની કિંમતની એક દેશી હાથ બનાવટની બંદુક સાથે એક ઈસમને ઝડપી પાડ્યો હતો.

બનાસકાંઠા જિલ્લામાં વિધાનસભાની ચૂંટણી ને લઈ કાયદો વ્યવસ્થા જળવાય રહે અને દારૂ,જુગારની પ્રવૃત્તિ નેસ્ત નાબુદ થાય તે અંગે કડક અમલવારી કરવા જિલ્લા પોલીસ વડાની સુચનાને લઈ એલસીબી થરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતી દરમ્યાન બાતમી હકીકત આધારે અણદપુરાની સીમમાં આવેલ ખેતરની ઓરડીમાં ઓચિંતી રેઈડ કરીને જયપાલસિંહ વિક્રમસિંહ વાઘેલા રહે.ઉણ તા-કાંકરજ વાળા પાસે થી ગેરકાયદેસર અને વગર પાસપરમીટેનુ દેશી હાથ બનાવટ ની બંદૂક મળી આવતા ત્રણ હજાર ની કિંમત ની બંદૂક સાથે આરોપી જયપાલસિંહ વિક્રમસિંહ વાઘેલા રહે.ઉણ વાળાની અટકાયત કરી તેની વિરુદ્ધ થરા પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

પાલનપુરના ત્રણ બત્તી મીઠી વાવ વિસ્તારમાં આવેલા હનુમાનજીના મંદિર આગળ ગંદકીના ભારે ઢગલા...

પાણીની પાઇપલાઇન અને ગટર લાઈનના ગંદા પાણીથી ભક્તજનો રોષે ભરાયા

પાલનપુર.૨૧

પાલનપુર શહેરના ઐતિહાસિક અને પ્રાચીન એવી ત્રણ બત્તી વિસ્તાર મીરા દરવાજા વિસ્તારના મીઠીવાવ વિસ્તારમા પ્રાચીન હનુમાન દાદા ના મંદિર આગળ છેલ્લા ઘણા સમયથી ગંદકી કાદવ કિચડના કારણે હનુમાન ભક્તો રામ ભક્તો ભારે રોષે ભરાયા છે. આ વિસ્તારમાં સફાઈ ના નામે શૂન્યાવકાશ સર્જાયો છે. ગટરના ગંદા પાણી અને પીવાના પાણીને લાઈન ના લીકેજના કારણે હનુમાનજીના દર્શને જતા ભક્તો ગંદા પાણી માંથી જવા મજબૂર બન્યા છે. આ વિસ્તારના નગરપાલિકાના ચૂંટાયેલા નગર સેવકો અને પાલનપુર પાલિકામાં મુખ્ય અધિકારી તથા પ્રમુખને વારંવાર રજૂઆત કરવા છતાં કોઈ જ સફાઈ નું કામ થયું નથી. આગામી દિવસોમાં વિધાનસભાની ચૂંટણી યોજવાની છે ત્યારે શહેરના અનેક વિસ્તારોમાં ગંદા પાણી તૂટેલી ઘટાડો કાદવ કીચડ અને કચરાના ઢગલાઓથી શહેરીજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ભાજપ શાસિત પાલિકાના સત્તાધીશો સત્વરે પ્રજાને નળાકાર માંથી મુક્ત કરાવે તે ઇચ્છનીય છે. પાલનપુરના કોટની અંદરના વિસ્તારો અને બહારના વિસ્તારોમાં સફાઈ માટે સેનિટેશન વિભાગમાં લાખો રૂપિયાની ગ્રાન્ટો આવે છે લીલો કચરો અને સૂકો કચરો કલેક્શન કરવા વાળા પણ અઠવાડિયામાં માત્ર બે કે ત્રણ દિવસ જ લોકોના ઘેર ઘેર પહોંચે છે. તેની સામે નગરપાલિકા દ્વારા કોન્ટ્રાક્ટરને દર મહિને ૧ કરોડથી વધુનું ચુકવણું કરવામાં આવે છે. આમ પ્રજાના પૈસે તાગડધિન્ના નગર સેવકોને સત્તાધિશો ને શહેર ભાજપ જિલ્લા ભાજપ અને પાલિકાના સત્તાધીશો નિશાન જલ્દી ઠેકાણે લાવી મીઠીવાવ વિસ્તારના હનુમાનજી મંદિર સહિત અનેક વિસ્તારો ની ગંદકીથી ત્રાહિમામ પોકારી ગયેલા નગરજનો ના વિસ્તારોમાં સત્વરે સફાઈ થાય તે જ સમયની માંગ છે.

પાલનપુરની પરિણીતા પર ત્રાસ ગુજારનાર પતિ સામે ફરિયાદ

પાલનપુર તા.૨૧

પાલનપુરના ગણેશપુરા વિસ્તારમાં રહેતી એક પરિણીત મહિલાએ તેના પતિ સાથે છુટાછેડા મેળવ્યા બાદ સાદી ડોટ કોમ વેબસાઈટ થી પરિચયમાં આવેલ રાજકોટના એક ઈસમ સાથે બીજા લગ્ન કર્યા હતા. જે વખતે તેના બીજા પતિએ મહિલા ના પ્રથમ પતિના પુત્રને દત્તક લીધો હતો. બાદમાં આ પુત્રને પોતના ઘરે ન રાખવા મામલે મહિલા ને માર મારી તેને શારીરિક અને માનસિક ત્રાસ આપતા પીડિત મહિલા પાલનપુર પિયરમાં રહેવા આવી હતી. અને તેના પતિ સહિત ચાર સાસરીયા વિરુદ્ધ મહિલા પોલીસ મથકે ગુનો દાખલ કરાવ્યો છે. પાલનપુરના ગણેશપુરા માં આવેલ ઉમિયાનગર સોસાયટીમાં રહેતી ૩૭ વર્ષીય ભદ્રાબેન ઉર્ફે રીટાબેન નામની મહિલાના અગાઉ કડી ખાતે સામાજિક લગ્ન થયા હતા. જ્યા તેને એક પુત્ર નો જન્મ થયા બાદ પતિ પત્ની વચ્ચે મનમેળ ન આવતા તેને તેના પતિથી છુટાછેડા મેળવ્યા હતા બાદ માં શાદી ડોટ કોમ વેબસાઈટના માધ્યમથી આ મહિલા રાજકોટની ઘનશ્યામ વિલામાં રહેતા હસમુખભાઈ જયંતિ ભાઈ ફીડચિયા નામના સંપર્કમાં આવ્યા બાદ મહિલાએ આ ઈસમ સાથે બીજા લગ્ન કર્યા હતા તે સમયે તેના પુત્રનું પાલન પોષણ કરવાની જવાબદારી લઈ તેના બીજા પતિએ મહિલાના પુત્રને દત્તક લીધી હતો જે બાદ આ દંપતીને એક પુત્રી ના જન્મ થયા બાદ તેના પતિને સાસુ સસરા એ ચડામણી કરી તેના પુત્રના પાલન પોષણ માટે ખર્ચ થતો હોય તેને પિયરમાં મોકલી આપવા ઝગડા શરૂ કર્યા હતા અને મહિલાને મારઝૂડ કરતો હતો પરંતુ પોતાનો લગ્ન સંસાર ન બગડે તે માટે મહિલા મૂંગા મો એ પતિ અને સાસરીયા નો ત્રાસ સહન કરતી હતી પરંતુ પતિએ વધુ સારીરીક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કરતા મહિલાને તેના પુત્ર સાથે પાલનપુર પિયર ખાતે લાવવામાં આવી હતી જ્યા મહિલાએ તેના પતિ હસમુખ જયંતીભાઈ ફીડચીયા, જયંતીભાઈ ફીડચીયા, રસીલાબેન જયંતીભાઈ ફીડચીયા અને સંજય જયંતીભાઈ ફીડચીયા વિરુદ્ધ મહિલા પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાવતા પોલીસે બનાવની તપાસ હાથ ધરી છે.